યાકૂબને ટેકો આપ્યા બાદ સલમાને બિનશરતી માફી માંગી

મુંબઈ,તા. ૨૬

બોલીવુડ અભિનેતા સલમાન ખાને મુંબઈ હુમલાના અપરાધી યાકૂબ મેમણની ફાંસીની સજાના વિરોધમાં કરેલા તમામ ટ્વિટને આખરે દૂર કરી દીધા છે. તેના ટ્વિટને લઈને જોરદાર હોબાળો મચી ગયા બાદ સલમાન ખાને આને લઈને માફી પણ માંગી લીધી છે. સલમાન ખાને નારાજગીનું મોજુ ફરી વળ્યા બાદ તમામ ટ્વિટ ડીલીટ કરી દીધા છે. સલમાને કહ્યું છે કે, તે પોતાના પિતાના આદેશ બાદ આ ટ્વિટ ડીલીટ કરી રહ્યો છે. સલમાન ખાને આજે સાંજે ટ્વિટર પર લખ્યું હતું કે, ટાઈગર મેમણને તેના અપરાધ માટે ફાંસી આપી દેવી જોઈએ. તે હજુ પણ આ બાબત પર મક્કમ છે પરંતુ તેનું કહેવું છે કે, યાકૂબ મેમણને તેની જગ્યાએ ફાંસી આપવી જોઈએ નહીં. સલમાને ખુલાસો કરતા કહ્યું છે કે, તેનો કહેવાનો મતલબ એ નથી કે, યાકૂબ મેમણ દોષિત નથી. તેને દેશની ન્યાયિક વ્યવસ્થા પર સંપૂર્ણ વિશ્વાસ છે. સલમાને એક બીજા ટ્વિટમાં લખ્યું છે કે, મુંબઈ બ્લાસ્ટમાં સેકડો લોકોના મોત થયા હતા. તે વારંવાર કહેતો આવ્યો છે કે, એક પણ લાઈફનું નુકસાન માનવતાનું નુકસાન છે. સલમાન ખાને પોતાના ટ્વીટ ડિલિટ કરવાના સંદર્ભમાં કારણો આપતા કહ્યું છે કે, તેના પિતા સલીમ ખાને આ સંદર્ભમાં વાત કરી હતી અને ટ્વિટને દૂર કરવા કહ્યું હતું. કારણ કે, આનાથી ભ્રમની સ્થિતિ ઉભી થઈ રહી હતી. સલમાનનું કહેવું છે કે, જો તેના કારણે કોઈ ભ્રમની સ્થિતિ થઈ છે તો તે કોઈપણ શરત વગર માફી માંગે છે. સલમાન ખાનના આ નિવેદનથી બોલીવુડના અન્ય કલાકારો પણ ચર્ચા જોવા મળી હતી. સલમાન ખાને ગઈકાલે રાત્રે ૧૪થી વધારે ટ્વિટ કરીને મુંબઈ બ્લાસ્ટ કેસમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા યાકૂબ મેમણનો બચાવ કર્યો હતો. સલમાને લખ્યું હતું કે, યાકૂબના બદલે તેના ભાઈ ટાઈગર મેમણને ફાંસી આપવી જોઈએ. તેના ટ્વિટ બાદ દેશભરમાં હોબાળો મચી ગયો હતો. સલમાન પ્રત્યે નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું.

બજરંગી ભાઈજાનના અભિનેતાએ અગાઉ યાકૂબના ફરાર ભાઈ ટાઈગર મેમણને ફાંસી આપવાની વાત કરી હતી. વિવાદસ્પદ ટ્વિટમાં સલમાન ખાને યાકૂબને ટેકો આપીને તેને નિર્દોષ ગણાવ્યો હતો જેથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં સલમાન સામે રોષનું મોજુ ફરી વળ્યું હતું. સલમાનના પિતા સલીમ ખાને પણ કહ્યું છે કે, સલમાને યાકૂબ મેમણના સમર્થનમાં ટ્વિટ કરવા જોઈતા ન હતા.

સલમાનની વાતો બિલકુલ અર્થવિનાની : સલીમ ખાન

મુંબઈ,તા. ૨૬

યાકૂબ મેમણનો બચાવ કરવાને લઈને ચર્ચામા આવેલા બોલીવુડના સુપર સ્ટાર અભિનેતા સલમાન ખાનના પિતા સલીમ ખાને કહ્યું છે કે, તેમના પુત્રની બાબતો અર્થવગરની છે. સલીમ ખાને કહ્યું છે કે, સલમાન ખાને જે પણ કહ્યું છે તે બોગસ બાબતો છે તેને વધારે મહત્વ આપવું જોઈએ નહીં. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સલીમ ખાને સલમાનને એવી સલાહ પણ આપી છે કે, તે પોતાના ફિલ્ડ એટલે કે બોલીવુડ સાથે સંબંધિત મામલાઓમાં જ વાત કરે. જે વિષય ઉપર સમજ નથી તે મામલા પર નિવેદન કરવાથી બચવાની જરૂર છે. સલીમે કહ્યું છે કે, આવી ચીજોનું સમર્થન કરવું જોઈએ નહીં અને આવા ટ્વિટ પણ કરવા જોઈએ નહીં. યાકૂબને ફાંસી આપવાના મુદ્દે સલીમે કહ્યું હતું કે, તેને જેલમાં રાખવાની જરૂર છે. સલીમે એમ પણ કહ્યું હતું કે, તેમની દ્રષ્ટિએ ફાંસીથી પણ મોટી સજા એ થશે કે તેને જેલમાં રાખવામાં આવે. આ અગાઉ સલીમ ખાને એક સમાચાર ચેલન સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, દરેક વ્યક્તિને પોતાની વાત કરવાનો અધિકાર છે. અત્રે નોંધનીય છે કે, સલમાન ખાને ગઈકાલે શ્રેણીબદ્ધ ટ્વિટ કરીને મુંબઈ બ્લાસ્ટ કેસમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા યાકૂબ મેમણનો બચાવ કર્યો હતો. સલમાને કહ્યું હતું કે, યાકૂબના બદલે તેના ભાઈ ટાઈગર મેમણને પકડીને તેને ફાંસી આપવની જરૂર છે.

ત્રણેય સેનાના વડાએ પુષ્પાંજલિ આપી

વિજય દિવસ પર અમર જવાન જ્યોતિ ખાતે પુષ્પાંજલિ અર્પણ

નવી દિલ્હી,તા. ૨૬

સંરક્ષણ પ્રધાન મનોહર પારીકર, ત્રણેય સેનાના વડા જનરલ દરબીરસિંહ સુહાગ, એરચીફ માર્શલ અરુપ રહા અને નેવીના વડા એડમિરલ આરકે ધવને અમરજવાન જ્યોતિ ઉપર આજે પુષ્પાંજલિ આપીને કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. કારગિલ વિજય દિવસના પ્રસંગે આયોજિત મેરાથોનમાં ભાગ લેનાર સેનાના પૂર્વ જવાનોએ વન રેંક વન પેન્શન પોલિસીનો મુદ્દો ઉઠાવ્યો હતો. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સશસ્ત્ર દળના શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમની વીરતાની પ્રશંસા કરી હતી. મોદીએ ટ્વિટર ઉપર સવારે જ કહ્યું હતું કે, દેશમાં પ્રાણોની આહૂતિ આપનાર જવાનોના સાહસને તેઓ સલામ કરે છે. કારગીલ દિવસ અમારા સશસ્ત્ર દળોના સાહસ અને બલિદાનની યાદ અપાવે છે. જમ્મુ કાશ્મીરમાં દ્રાસ વોર મેમોરિયલ ખાતે સેનાના જવાનોએ પણ પુષ્પાંજલિ આપી હતી. જમ્મુ કાશ્મીરના કારગીલ જિલ્લામાં જુલાઈ ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગીલ યુદ્ધ થયું હતું જેમાં ૫૦૦થી અધિકારીઓ અને જવાનોના મોત થયા હતા. સાહસી જવાનોને મરણોપરાંત વીરતા પુરસ્કાર પણ અપાયા હતા. ઓપરેશન વિજય તરીકે પણ આને યાદ કરવામાં આવે છે. અમર જવાન જ્યોતિ ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

જાતિ વસ્તી આંક અંગે આજે બિહાર બંધની હાકલ કરાઈ

પટણા,તા. ૨૬

રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવે રાજ્યવ્યાપી બંધની હાકલ કરી છે. આવતીકાલે બંધ પાળવામાં આવશે. જાતિ આધારિત વસતીના આંકડા જાહેર કરવામાં કેન્દ્ર સરકારની નિષ્ફળતા સામેના વિરોધમાં આવતીકાલે બંધ પાળવામાં આવશે. લાલૂ અને તેમના સમર્થકો અગાઉ દિવસમાં ગાંધી મેદાન ખાતે ઉપવાસ ઉપર બેસી ગયા હતા. જ્યાં એક દિવસના દેખાવો કરવામાં આવ્યા હતા. વિધાનસભાની ચૂંટણી નજીક આવી છે ત્યારે આ પ્રકારના કાવાદાવા શરૂ થઈ ગયા છે. આરજેડીના વડા લાલૂ યાદવ તેમની ખાસ શૈલીમાં નિવેદન કરવા જાણિતા રહ્યા છે. જુદી જુદી રીતે જુદા જુદા વેશમાં સ્થળ ઉપર પહોંચવા માટે પણ તેઓ જાણિતા રહ્યા છે. તેઓ ઘોડાગાડીમાં પહોંચ્યા હતા. નરેન્દ્ર મોદી સરકારની ગરીબ વિરોધી, દલિત વિરોધી અને પછાત વિરોધી નીતિને ખુલ્લી પાડવા અમે ઉપવાસ કરી રહ્યા છે. લાલૂએ પત્રકાર સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, નવા ડેટા તેમના માટે જનકલ્યાણના કાર્યક્રમો માટે અલગ ફાળવણી અને વંચિતો માટે વધારવામાં આવેલા અનામત માટેના આધાર પર રહે તે ખુબ જરૂરી છે. લાલૂએ એમ પણ કહ્યું હતું કે, તેમની વસતીના આધાર પર એસસી અને એસટીના લોકોને અનામતની વાત કરવામાં આવી ચુકીછે. બંધારણીય જોગવાઈ પણ રહેલી છે. હાલમાં વસતીના આધાર પર જોગવાઈ કરવામાં આવેલી છે. હવે નવી જાતિ વસતીના આંકડા સપાટી ઉપર આવી ચુક્યા છે ત્યારે ૧૯૩૧ની જાતિ વસતી મુજબ અનામત મળે તે જરૂરી છે.

રોડ સેફ્ટી બિલ લાવવાની પણ ખાતરી અપાઈ

ઘાયલ માટે કેશલેસ ટ્રીટમેન્ટ પોલિસી લવાશે : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં રોડ સેફ્ટી બિલ અને દુર્ઘટનાઓમાં ઘાયલ લોકો માટે કેસ લેસ ટ્રીટમેન્ટ કરવાની પોલિસી લાવવા વિચારણા કરવાની વાત કરી હતી. આ ઉપરાંત મોદીએ લોકો પાસેથી ૧૫મી ઓગસ્ટના ભાષણ માટે સલાહ સૂચન આમંત્રિત કર્યા છે. વડાપ્રધાને કારગીલ વિજય દિવસના પ્રસંગે શહીદોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે પોતાના ભાષણની શરૂઆત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, દેશના ખેડૂતના જમીન સાથે જેટલા સંબંધો છે તેટલા જ સંબંધો દેશના જવાનોના પણ છે. મોદીએ કહ્યું હતું કે, કારગીલ યુદ્ધમાં અમારા એક-એક જવાન દુશ્મનોના ૧૦૦-૧૦૦ લોકો ઉપર ભારે પડ્યા હતા. આવા વીર જવાનોને તેઓ નમન કરે છે. મોદીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી માય ગર્વમેન્ટ ડોટ ઈનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૨૬મી જુલાઈના દિવસે માય ગવર્નમેન્ટ ડોટ ઈનની શરૂઆત કરવામાં આવી હતી. આશરે બે કરોડ લોકો આને નિહાળી ચુક્યા છે. આ વખતે ૧૫મી ઓગસ્ટના દિવસે કયા મુદ્દે નિવેદન કરવું જોઈએ તે અંગે સૂચનો આ સરનામા ઉપર મોકલી શકાય છે. આકાશવાણીના સરનામા ઉપર પત્રો પણ મોકલી શકાય છે. વડાપ્રધાને માર્ગ દુર્ઘટનાઓ પર ચિંતા



વ્યક્ત કરતા કહ્યું હતું કે, સરકાર રોડ સેફ્ટી બિલ લાવશે અને લોકોને પણ જાગૃત કરશે. મોદીએ ઉમેર્યું હતું કે, હાલમાં જ દિલ્હીની એક ઘટના પર તેમની નજર પડી હતી. સ્કૂટર ચાલક ૧૦ મિનિટ સુધી પડી રહ્યો હતો પરંતુ તેની કોઈએ મદદ કરી ન હતી. રોડ સેફ્ટી બિલ લાવવામાં આવશે. પહેલા ૫૦ કલાકમાં ઘાયલોને કેસ લેસ ટ્રીટમેન્ટના પ્રયાસ કરવામાં આવશે. માતા-પિતાને પણ પોતાના બાળકોને રોડ સેફ્ટીને લઈને જાગૃત કરવામાં આવે તે જરૂરી છે. મોદીએ છેલ્લે કહ્યું હતું કે, ખેડૂતોને મોનસુનનો લાભ મળશે. તેમના પાકમાં સુધારો થશે. ૨૪ કલાક વિજળી આપવાની દિશામાં કામ શરૂ થઈ ચુક્યું છે. આ કામ મુશ્કેલ છે પરંતુ આને પૂર્ણ કરવામાં આવશે. ૧૫ મિનિટના ભાષણમાં મોદીએ વિવિધ મુદ્દા પર વાત કરી હતી. મોદીએ તેમના સંબોધનમાં સંસદમાં મડાગાંઠ અથવા કોઈ રાજનીતિનો ઉલ્લેખ કર્યો ન હતો. સંસદમાં કામગીરી થઈ રહી નથી ત્યારે તેઓએ વિવિધ સામાજિક મુદ્દા પર વાત કરી હતી પરંતુ રાજનીતિના પ્રશ્નોની વાત કરી ન હતી.

સરકાર નેશનલ રોડ સેફ્ટી પોલિસી લાવવાની યોજના ધરાવે છે. ગુડગાંવ, જયપુર, વડોદરામાં એવો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે જે હેઠળ કેસ લેસ ટ્રિટમેન્ટ અકસ્માતના ભોગ બનેલા લોકોને આપવામાં આવશે. મુંબઈ, રાંચી અને મોર્ય નેશનલ હાઈવે ઉપર પણ મોડેથી આ યોજના શરૂ કરવામાં આવશે. દેશના ગામોને ૨૪ કલાક વિજળીની યોજના લોંચ કરવામાં આવી ચુકી છે. ગઈકાલે પટણામાં દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના શરૂ કરવામાં આવી ચુકી છે. નોર્થ ઈસ્ટની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, તેમની સરકારની એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ પ્રધાનો અને અધિકારીઓને રાજ્યોમાં જવા કહેવામાં આવ્યું છે જેના ભાગરુપે સાત દિવસના કેમ્પો યોજાશે. લોકોની સમસ્યા જાણવાના પ્રયાસ થશે. કઠોળ અને તેલિબિયાનું ઉત્પાદન ક્રમશઃ ૫૦ ટકા અને ૩૩ ટકા સુધી વધ્યું છે. વિજ્ઞાનની વાત કરતા તેમણે કહ્યું હતું કે, ઈસરોએ એક પછી એક સફળતા હાથ ધરી છે. બ્રિટનના પાંચ ઉપગ્રહો પણ છોડવામાં આવ્યા છે. સ્વચ્છ ભારત કાર્યક્રમ મુદ્દે મોદીએ મધ્યપ્રદેશના એક ગામનો ઉલ્લેખ કર્યો હતો જ્યાં લોકલ લોકો ઓપરેશન મલ યુદ્ધ શરૂ કરી ચુક્યા છે. સ્થાનિક લોકોએ બ્રધર નંબર વનની સ્પર્ધા શરૂ કરી છે જેમાં ભાઈઓ રક્ષાબંધનના પર્વ પર બહેનોને ટોયલેટની સુવિધાની ગીફ્ટ આપનાર છે.

મુંબઈ-હાવડા રૂટ પર બુલેટ ટ્રેન દોડાવવા માટે હિલચાલ

નવી દિલ્હી,તા. ૨૬

મુંબઈ-હાવડા રુટ પર બુલેટ ટ્રેન દોડાવવા માટે સ્પેન દ્વારા ફિશિબિલીટી અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મુંબઈ-હાવડા રુટ ઉપર મોટી સંખ્યામાં યાત્રીઓ હોય છે. ભારે માંગ ધરાવતા આ રુટ ઉપર વધુ ઝડપથી ટ્રેન દોડાવવાની માંગણી વર્ષોથી થતી રહી છે. સ્પેને સૂચિત ૧૯૬૮ કિલોમીટર લાંબા મુંબઈ-હાવડા હાઈસ્પીડ રુટ ઉપર ફિશિબીલિટી અભ્યાસની કામગીરી હાથ ધરી છે. ડાયમંડ ક્વાડ્રીલેટરલ પ્રોજેક્ટના ભાગરુપે આ અભ્યાસની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આ કામગીરીને સોંપવા અંગેનો નિર્ણય ટૂંક સમયમાં જ લેવામાં આવશે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ટૂંક સમયમાં આ સંદર્ભમાં અંતિમ નિર્ણય કરાશે. બે લાખ કરોડના ડાયમંડ ક્વાડ્રીલેટરલ પ્રોજેક્ટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૌથી મહત્વકાંક્ષી યોજના પૈકીની એક તરીકે ગણવામાં આવે છે. મેટ્રો શહેરો વચ્ચેના પ્રવાસ અંતરને ઘટાડવાના હેતુસર યોજના હાથ ધરવામાં આવી છે.હાઈસ્પીડ ટ્રેન શરૂ કરવાની યોજના ચાલી રહી છે જેના ભાગરુપે ૩૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ટ્રેન દોડાવવામાં આવનાર છે. દુરંતો એક્સપ્રેસમાં મુંબઈ અને હાવડા વચ્ચે પ્રવાસ અંતર હાલમાં ૨૬ કલાકનો છે જે સૂચિત હાઈસ્પીડ ઓપરેશનમાં આવે તો માત્ર અડધો સમય રહી શકે છે. રેલવે દ્વારા હાઈસ્પીડ રેલ સેક્ટરમાં સહકાર કરવા માટે ૨૦૧૨માં સ્પેન સાથે એમઓયુ કર્યા હતા. આ એમઓયુ હેઠળ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાશે. હાલમાં ચીન દ્વારા પણ દિલ્હી-ચેન્નાઈ રુટ ઉપર ફિશિબિલિટી અભ્યાસની કામગીરી ચાલી રહી છે. બુલેટ ટ્રેનની દિશામાં આગળ વધીને રેલવે દ્વારા દિલ્હી અને મુંબઈ, મુંબઈ અને ચેન્નાઈ, નવી દિલ્હી અને કોલકાતા વચ્ચે પણ હાઈસ્પીડ ટ્રેનની વાત ચાલી રહી છે. હાલમાં સુપર ફાસ્ટ રાજધાની એક્સપ્રેસ દિલ્હી અને મુંબઈ વચ્ચે અંતર ૧૬ કલાકમાં પૂર્ણ કરે છે. હાઈસ્પીડ ટ્રેન શરૂ કરાયા બાદ પ્રવાસ અંતર આઠ કલાકનો થઈ જશે.

વન રેંક વન પેન્શન સહિત વચન પળાયા નથી : અણણા

નવીદિલ્હી,તા. ૨૬

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણા હઝારેએ નરેન્દ્ર મોદી સરકાર પર આક્ષેપ કર્યો હતો કે, કોઈપણ વચનો તેના દ્વારા પાળવામાં આવી રહ્યા નથી. વન રેંક વન પેન્શન સહિત એક પણ વચન સરકાર દ્વારા પાળવામાં આવ્યું નથી. અણણાએ સંરક્ષણ જવાનોને ખાતરી આપી હતી કે, તેમનાથી જે પણ કંઈ શક્ય બનશે તે કરવા માટે પ્રયાસ કરશે. અણણા પોતે પણ સેનામાં રહી ચુક્યા છે. તેઓ ઓઆરઓપીના અમલીકરણમાં વિલંબના મુદ્દે સેનાના પૂર્વ જવાનો દ્વારા કરવામાં આવી રહેલા વિરોધમાં જોડાયા હતા. તેમણે કહ્યું હતું કે, તેઓ દેશભરમાં પ્રવાસ કરશે અને આ મુદ્દે લોકોને જાગૃત કરવાના પ્રયાસ કરશે. બીજી ઓક્ટોબરના દિવસે રામલીલા મેદાન ખાતે પણ કાર્યકર્મ યોજવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર ગાંધીવાદી નેતાએ કહ્યું હતું કે, ચૂંટણી પહેલા ઓઆરઓપીનું વચન આપવામાં આવ્યું હતું પરંતુ આ મુદ્દે હજુ સુધી નિર્ણય લેવાયો નથી. વડાપ્રધાનની ચૂંટણી પહેલાની રેલીનો ઉલ્લેખ કરતા અણણાએ કહ્યું હતું કે, વડાપ્રધાને કહ્યું હતું કે, જ્યારે અમે સત્તા ઉપર આવીશું ત્યારે ઓઆરઓપીને અમલી બનાવીશું. મોદી અને ભાજપે રોહતકમાં આ મુજબની વાત કરી હતી. શહીદ દિવસ ભાષણ આપવા માટેનો દિવસ નથી. અણણાએ કહ્યું હતું કે, અમારાથી જે કંઈ પણ શક્ય બનશે તે અમે કરીશું. તેમણે ઉમેર્યું હતું કે, ઘણા રાજ્યોમાં જઈને તેઓ રેલી યોજવાની યોજના ધરાવે છે. જંતર મંતર ખાતે સેનાના પૂર્વ જવાનોને સંબોધતા અણણાએ આ મુજબની વાત કરી હતી. ઓઆરઓપીના અમલીકરણમાં વિલંબ થતાં હાલમાં સેનાના જવાનોમાં પણ નારાજગી દેખાઈ રહી છે. અણણાએ ઉમેર્યુ હતું કે, સંરક્ષણમંત્રી મનોહર પારીકર ખુબ સારી વ્યક્તિ છે. તેઓ પણ વચનને પાળી શક્યા નથી. મનોહર પારીકરને તેઓ સારીરીતે જાણે છે. તેઓએ નાણા મંત્રાલય પાસેથી ૫૦૦ કરોડ રૂપિયા લેવાની વાત કરી હતી.

નીતિશની પ્રશંસાને રાજકીય રંગ ન આપવો જોઇએ : શત્રુ

પટણા,તા. ૨૬

ભાજપના વરિષ્ઠ નેતા અને અભિનેતા શત્રુઘ્ન સિંહાએ આજે કહ્યું હતું કે, બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર તરફથી તેમની કરવામાં આવેલી પ્રશંસાને રાજકીય રંગ આપવાની જરૂર નથી. શત્રુઘ્ન સિંહાએ પટણામાં મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ દ્વારા તેમની પ્રશંસા કરવામાં આવે તેમાં કંઈ પણ ખોટુ નથી. તેઓ એક સક્ષમ વ્યક્તિ છે. સાથે સાથે બિહારના પણ છે. જો મુખ્યમંત્રીની પ્રશંસા નહીં કરે તો અન્ય કોઈ




રાજ્યના મુખ્યમંત્રીની તેઓ પ્રશંસા કરે તે બાબત યોગ્ય નથી. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર પણ તેમની પ્રશંસા કરતા રહ્યા છે. બીજી બાજુ તેમના દ્વારા નીતિશકુમાર પ્રશંસા પણ કરવામાં આવી છે. શત્રુઘ્નએ કહ્યું હતું કે, તેઓએ એવી કોઈ વાત કરી નથી જેનાથી પાર્ટીની પ્રતિષ્ઠાને ફટકો પડે. જેથી આને રાજકીય રંગ આપવામાં આવે તે યોગ્ય નથી. શત્રુઘ્નસિંહા ગઈકાલે મુખ્યમંત્રીના આવાસ ઉપર પહોંચ્યા હતા અને તેમની સાથે વાત કરી હતી. શત્રુઘ્ન સિંહાએ નીતિશકુમારને બિહારના વાલી તરીકે ગણાવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે, બિહારમાં હજુ સુધી જે કોઈ પણ મુખ્યમંત્રી આવ્યા છે તેમાંથી નીતિશકુમાર શ્રેષ્ઠ મુખ્યમંત્રી છે.

તમામ સ્કૂલોમાં ટોયલેટ માટે ટાર્ગેટ હજુય અધુરૂ

નવીદિલ્હી, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તમામ સ્કૂલોમાં ટોયલેટ બનાવવાના વચનને પૂર્ણ કરવા માટે સરકાર ઝડપથી આગળ વધી રહી છે જો કે તેની પાસે વધારે સમય રહ્યો નથી. ૪.૧૯ ટોયલેટના ટાર્ગેટ સામે માત્ર ૨.૮૬ લાખ ટોયલેટોનું નિર્માણ થઈ શક્યું છે. મોદીએ ગયા વર્ષે તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં વચન આપ્યું હતું કે, એક વર્ષની અંદર તમામ સ્કૂલોમાં ટોયલેટ બની જશે. જો કે, આ દિશામાં ઘણું કામ થયું હોવા છતાં ટોયલેટનું નિર્માણ કામ હજુ બાકી રહ્યું છે. અલબત્ત કેટલાક રાજ્યોમાં ૧૦૦ ટકા ટાર્ગેટ પૂર્ણ કરાયો છે.

રઝળપાટ (પાના નં. ૪ નું ચાલુ)

સરકાર પોતાની રીતે પ્રયત્નશીલ છે. મોજુદા કાનુનમાં દંડ કે શિક્ષા નહીવત છે જેને લીધે ૧૦૦૨૦૦ની પાવતીમાં ટ્રાફિકના નિયમોની અનદેખી દબાઈ જાય છે. બદલાયેલા કાનુનમાં આ રકમ વધુ કરી દેવામાં આવી છે. વારંવાર ટ્રાફિક નિયમોના ભંગ કરનારનું લાઈસન્સ જપ્ત થઈ શકે એવી જોગવાઈ આવી રહી છે. અકસ્માતોમાં દંડની રકમ લાખો સુધીની રાખવાની જોગવાઈ થઈ રહી છે. વિદેશોમાં ઓવરસ્પીડ કે રેડ લાઈટ જમ્પિંગ કરનાર ત્વરિત પકડાઈ જાય છે, આપણે ત્યાં હજુ એવી કોઈ સર્વાંગ સીસ્ટમ અમલમાં છે જ નહી. કાયદાઓ ઘણા છે પણ ભ્રષ્ટાચારના ઓથાર નીચે એનો ક્યાં તો અમલ નથી થતો ક્યાં તો નિષ્પ્રાણ છે. સલમાન જેવા કેસો પણ વર્ષો સુધી ચાલે છે, દુર્ઘટનાનો શિકાર બન્નારને ત્વરિત ન્યાય હજુ પણ મળતો નથી. કાયદા કાનુન અને સરકારના પ્રયત્નોને બાજુ પર મુકીને પર પણ જો આપણે જ આપણી ખુદની અક્કલ વાપરીને ટ્રાફિક અને રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરતા શીખીએ તો જ આ અકાળે મુરઝાતી અનેકો જિંદગીઓને બચાવી શકીશું...!!

વિસામો :

તમે તમારી રીતે કેટલા પણ ધ્યાનથી ચલાવો પણ જિંદગીનો શું ભરોષો? કોણ જાણે ક્યાંથી કોઈ હેમામાલીની આવીને ભટકાઈ જાય કહેવાય નહિ ...!!! વોટ્સઅપ મેસેજ

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

''મને સાત જન્મ ચાલે તેટલી સાર્થકતા લાધી છે!''

આ બધાં કે આ પ્રકારનાં વિધાનો મૂલતઃ સાચા છે? સાંગોપાંગ સત્ય છે? યથાર્તતઃ સત્ય છે?

ના, આ વિધાનો યથાર્થ સત્ય નથી. આ બધા વિધાનો ઔપચારિક ઉપરછલ્લાં અને આવેગમાંથી આવેલા વિધાનો છે.

આ બધા માધ્યમો દ્વારા મળતી સાર્થકતા યથાર્થ સાર્થકતા નથી. આ સાર્થકતા પોકળ, આભાસી અને ક્ષણિક હોય છે. 'મારું જીવન ધન્ય થયું' અને 'મારું જીવન સાર્થક થયું' આ પ્રકારના વિધાનો જાહેરમાં કરનારા મહાનુભાવો બીજે જ દિવસે વિષાદ કે વૈફલ્યમાં સરી પડે છે. તમે જોયું છે. કયાં ગઈ ધન્યતા? કયાં ગઈ સાર્થકતા? સાર્થકતા કે ધન્યતા કયાંય ગઈ જ નથી, કારણ કે તે હતી જ નહિ અને હતી તો પણ આભાસી, પોકળ અને ક્ષણિક હતી. સાત જન્મ ચાલે તેવી અને તેટલી ધન્યતા સાત દિવસમાં બાષ્પીભૂત થઈ જાય છે.

(સૌજન્ય : શિશુવિહાર)

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'વાંસળીના સૂર' ભક્તિ રચનાઓના સર્જક રમણલાલ શ્રીમાળી માર્ગ અને મકાન વિભાગની ગુજરાત સરકારની મુખ્યનકશાગાર તરીકેની ફરજમાંથી વર્ષ - ૨૦૦૦ માં વય નિવૃત્ત થયેલાં છે. નિવૃત્ત કર્મચારીઓનું સંગઠન પેન્શનર્સ સમાજ, સિનીયર સિટીઝન કાઉન્સિલ સર્જક અને ભાવકોની સંસ્થા ગાંધીનગર સાહિત્ય સભા, જાગૃત નાગરિક પરિષદ, નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, રેશનલ સમાજ, ગાંધી મિત્ર વર્તુળ, મહર્ષિ અરવિંદ કેન્દ્ર, જેવી સંસ્થાઓમાં એક સેવાભાવી અને સંવેદનશીલ વ્યક્તિ તરીકે ખુબ જ સક્રીય રહી કામ કરતાં રહ્યા છે. ત્યારે તેમના માટે જ જાણે કે કહેવાયું છે કે -

હૈયું જયાં ઊભરાઈ ઉઠે, એ માણસ કયાં છે જગમાં,
જાત લઈ હું જયાં પણ જાતો, લોક નથી ફૂરસતમાં
વાત કોની આગળ કહું!

એવા રમણલાલ મગનલાલ શ્રીમાળીને તેમના પ્રથમ કાવ્ય અભિવ્યક્તિના સર્જક રુપે પ્રગટ કરેલ ઉર્મિઓને આવકારું છું અને અભિનંદન પાઠવું છું.

વાંસળીના સૂર (ભક્તિરચનાઓ)
લેખક - રમણભાઈ શ્રીમાળી
પ્રકાશક - શાંતાબેન રમણલાલ શ્રીમાળી
'શાંતિ' ૬૯૫, એકતા કોલોની, સેકટર-૨૭, ગાંધીનગર, સંપર્ક સૂત્ર - ૨૩૨૨૬૫૭૯
કિંમત રૂા. ૧૫૦ : પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫

મહિલા સમાજ અને કાયદો પાના નં. ૪નું ચાલુ...

(ડ) ઉપર જણાવેલ બાબતમાં જે સગા સામે કેસ થાય તો એ સગા પાસે આવ વરીષ્ઠ નાગરીકોની મિલકત હોવી જોઈએ.

(ઈ) આ કલમ નીચે ભરણપોષણ એટલે વ્યકિતને જીવન નિર્વાહ માટે જોઈતા, પૂરતા સંશાધનો એમ ગણવાનું રહેશે.

આ કાયદાની કલમ-૭ એ અગત્યની છે. આપણા અગાઉના બધા અંકોમાં તમામ કાયદાઓની ચર્ચા કરી છે. જે કાયદા સંદર્ભેની કાર્યવાહી અદાલતમાં ચાલે છે. પરંતુ આ કાયદા અંતર્ગત ટ્રીબ્યુનલની જે રચના થઈ છે તે ટ્રીબ્યુનલના વડા તરીકે સબડીવીઝનલ અધિકારી અથવા તેના સમકક્ષ અધિકારી સમક્ષ આ કાર્યવાહી ચાલશે. એટલું જ નહીં રાજય સરકારે ારા આ રચાયેલી આ ટ્રીબ્યુનલને દિવાની અદાલત જેવી જ તમામ સતાઓ પ્રાપ્ત છે અને આ ટ્રીબ્યુનલને ક્રીમીનલ પ્રોસીઝર કોડ ના સંદર્ભમાં પ્રકરણ-૨૬ અને કલમ-૧૯૫ ના બધા હેતુઓ માટે દિવાની કોર્ટ જ માનવામાં આવશે.

આ કાયદાની કલમ-૯ માં ભરણપોષણના હુકમ સંદર્ભે જોગવાઈ કરવામાં આવેલી છે. તે મુજબ જયારે ટ્રીબ્યુનલને એમ લાગે કે અરજી કરનાર વરીષ્ઠ નાગરિકની તેના બાળકો અથવા તેના સગા મારફત અપેક્ષા કરવામાં આવી છે અને આ વરીષ્ઠ નાગરિકો તે પોતાની જાતે ભરણપોષણ કરવા શકિતમાન નથી તો તેવા સંજોગોમાં ટ્રીબ્યુનલ માસિક ભરણપોષણનો હુકમ કરવાની સતા ધરાવે છે. આ કાયદાની વિશિષ્ટ જોગવાઈ એ છે કે આ ભરણપોષણનો હુકમ આ કાયદા અંતર્ગત માસીક રૂ. ૧૦૦૦૦/- થી વધુ થઈ શકે નહીં.

ભરણપોષણનો હુકમ થયા બાદ એટલે કે ટ્રીબ્યુનલના હુકમ બાદ જે વ્યકિતએ ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરેલ છે તેને આવા હુકમની નકલ વિનામુલ્યે આપવામાં આવે છે. આ કાયદા અંતર્ગત થયેલ હુકમનો અમલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની અંતર્ગત થયેલ આદેશ જેમ જ અમલ કરવાનો રહેશે.

જો ટ્રીબ્યુનલને એમ લાગે કે હુકમ કરવામાં કોઈ હકીકતની ભૂલ છે અથવા અરજી કરનાર અરજદારે કોઈ ગેર રજૂઆત કરેલ છે અથવા તો સંજોગોમાં ફેરફાર થયેલ કલમ-૧૦ નીચે હુકમમાં જે ભથ્થાનો હુકમ કરેલ હોય તેમાં ફેરફાર કરવાની સતા ધરાવે છે.

આ કાયદાની વિશિષ્ટ જોગવાઈ એ છે કે આ કાયદાની કલમ-૧૮ અંતર્ગત ભરણપોષણ અધિકારીની નિમણૂંક કરવામાં આવે છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અથવા તેની સમકક્ષનો કોઈપણ અધિકારી હોય તેને ભરણપોષણ અધિકારી તરીકે નામાભિધાન અપાયેલ છે.

આવો ભરણપોષણ અધિકાર એ જે માતા-પિતા કે સીનીયર સિટીઝન કે જે અરજદાર હોય તેનું ટ્રીબ્યુનલ સમક્ષ અરજદારની ઈચ્છા હોય તો પ્રતિનિધિત્વ કરે છે.

વૃદ્ધ માતા-પિતા કે કોઈ વરીષ્ઠ નાગરીક એ માત્ર ભરણપોષણને કારણે વિષમ સંજોગોમાં મુકાઈ નહીં અને તે રસ્તો રઝડતો ન થાય તે સંદર્ભે આ કાયદો ઘડવામાં આવેલો છે. તેથી આ કાયદાની કલમ-૧૯ માં વૃદ્ધાશ્રમ સંદર્ભે પણ જોગવાઈ કરવામાં આવેલી છે.

આપણે તમામ કાયદાઓની ચર્ચા કરી છે આપ વાચકો અમોને આપનું મંતવ્ય અને આપના પ્રશ્નો મોકલી શકો છો ખાસ તો આ કોલમ સંદર્ભે આપનો પ્રતિભાવ જણાવશો...